सत्यमेव जयते

## વિરમગામનાં મહેરબાન અધિક સિવિલ જજ સાહેબની અદાલતમાં,

## મું.વિરમગામ.

| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૨૯–૦૧–૨૦૨૧ |
| રજી. તારીખ | : | ૨૯–૦૧–૨૦૨૧ |
| ફૈંસલ તારીખ | : | ૦૮–૦૫–૨૦૨૬ |
| અવધિ | : | ૫ વર્ષ, ૩ માસ,૧૦ દિવસ |

**<u>રેગ્યુ. દિવાની મુકદ્દમા નં.૧૫/૨૦૨૧</u>**

**આંક :–૪૧**

ઉતર ગુજરાત વિજ કંપની લી.,

નાયબ ઈજનેરની કચેરી,

વિરમગામ શહેર પેટા વિભાગની કચેરી, માંડલ રોડ,

મુ. વીરમગામ, જી. અમદાવાદ

**::: વાદી.**

**વિરુધ્ધ.**

**ઈમરાનશા એહમદશા ફકીર**

ઉ.વ.આ.પુખ્ત, ધંધો : ઘરકામ,

રહે. હે.રૈયાપુર રોડ, તા.વિરમગામ, જી.અમદાવાદ.

**::: પ્રતિવાદી.**

| દાવો :– | રૂા.૭૬૦૧–૩૪ પૈસા પ્રતિવાદી પાસેથી વસુલ મળવા. .. |
|---|---|
| **વાદી તરફે : વિ.વ.શ્રી જી.કે.શામી**<br>**પ્રતિવાદી તરફે : એમ.કે.સીંઘવ** | |

**–:: ઠ રા વ ::–**

(૧) આ કામનાં વાદીનાં દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી કંપની ભારતીય કંપની ધારો ૧૯૫૬ અન્વયે અસ્તિત્વમાં આવેલ કંપની છે અને અગાઉ ગુજરાત વિદ્યુત બોર્ડના નામથી વીજ પુરવઠો પુરો પાડવા વિગેરેનુ કાર્ય કરતી કંપનીનો કારભાર અલગ અલગ કંપનીઓમાં વહેં ચીને ગુજરાત રાજયમાં જે કંપનીઓ વીજપુરવઠો પુરો પાડવા વિગેરેના આશયથી અસ્તિત્વમાં આવેલ છે તે પૈકીની વાદી કંપની છે વાદી કંપનીની વિરમગામ શહેર પેટા વિભાગની ઓફીસ નામ. કોર્ટની હકુમતના ગામ વિરમગામમાં માંડલ રોડ ઉપર આવેલ છે.

વધુમાં વાદી જણાવે છે કે, આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક નથી અને તેમને વાદી કંપનીનો વીજ વપરાશ કરવાનો કોઈ હકક કે અધિકાર હતો નહી અને છે નહી. વાદી કંપનીના જુનીયર એન્જીનીયરશ્રી એન.બી.ડામોર તા.૧૯/૦૩/૨૦૧૮ ના રોજ સરપ્રાઈઝ ચેકીંગમાં નીકળેલ ત્યારે આ કામના પ્રતિવાદી તેમના મકાનની નજીક આવેલ એલ.ટી.લાઈનના થાંભલા પરથી આશરે ૧૦ મીટર ર્આમડ કેબલ વડે ડાયરેકટ આકડી લગાવી તેમના મકાનમા જોડેલ મેઈન સ્વીચમા આપીને ગેરકાયદેસર વીજ ચોરી કરતા રંગે હાથ પકડાયેલા જે સંદર્ભમાં વાદી કંપનીના જવાબદાર અધિકારી દવારા સ્થળ ઉપર રોજકામ પણ કરવામાં આવેલ જેમાં પ્રતિવાદી એ સહી પણ કરેલ અને આ કામનાં પ્રતિવાદીને વાદી કંપનીના ધારા ધોરણ મુજબ કરેલ વીજ ચોરી અંગે ગણતરી કરી રૂા.૬૬૫૨–૫૭ પૈસા નું બીલ મોકલી આપવામાં

આવેલ છે.

આ કામના પ્રતિવાદી સામે પોલીસ ફરીયાદ પણ કરવામા આવેલ જેનો ગુ.ર.નં.૧૫૧૭/૧૮ છે. અને પ્રતિવાદીને લેણી પડતી રકમ અંગે વારંવાર માંગણી કરી કરાવી છતા રકમ ના ચુકવી આપતા વાદી કંપનીએ એડવોકેટ મારફતે તા.૦૪/૦૨/૨૦૧૯ ના રોજ રજી.પોસ્ટથી નોટીસ પણ મોકલેલ જે પ્રતિવાદીને મળી ગયેલ હોવા છતા કોઈ જવાબ આપેલ નથી કે રકમ વસુલ આપેલ નથી.

જેથી આ કામના પ્રતિવાદી પાસે વીજ ચોરીના બીલના રૂા.૬૬૫૨–૫૭ પૈસા તથા તે ઉપરના ૧૨% પ્રમાણેના તા.૩૧/૧/૨૦૧૯ સુધીના વિલંબીત ચુકવણી ચાર્જના રૂા.૫૯૮–૭૭ પૈસા તથા નોટીસ ખર્ચના રૂા.૩૫૦/– મળી કુલ રૂા.૭૬૦૧–૩૪ પૈસાનુ લેણુ પડે છે જે રકમ સહીત વસુલ મેળવવા સારુ હાલનો દાવો દાખલ કરવાની ફરજ પડેલ છે.

આ દાવાનું કારણ પ્રતિવાદીએ તા.૧૯/૦૩/૨૦૧૮ ના રોજ વીજ ચોરી કરતા પકડાયા ત્યારથી અને તે અરસાથી તેમજ તે અંગે રોજકામ કરવામા આવેલ ત્યારથી અને તે અરસાથી તેમજ તે અંગે વાદી કંપનીએ વીજચોરીનુ બીલ મોકલવામા આવ્યુ ત્યારથી અને તે અરસાથી તેમજ આ કામના પ્રતિવાદી સામે ચોરી અંગેની ફરીયાદ કરેલ ત્યારથી અને તે અરસાથી તેમજ તા.૪/૨/૨૦૧૯ ના રોજ વકીલ મારફત પ્રતિવાદી પાસે લેણી પડતી રકમની માંગણી કરતી નોટીસ આપી ત્યારથી અને તે અરસાથી નામદાર કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે.

સબબ ઉપરોકત સમગ્ર હકીકતે હાલનો દાવો લાવી દાદ માંગેલ છે કે, આ કામનાં પ્રતિવાદી પાસે વીજચોરીના બીલની રૂા.૬૬૫૨.૫૭ પૈસા તથા તે ઉપર તા.૩૧/૧/૨૦૧૯ સુધીના ૧૨% ના વિલંબીત ચુકવણી ચાર્જના રૂા.૫૯૮.૭૭ પૈસા તથા નોટીસના ખર્ચના રૂા. ૩૫૦/– નુ મળી કુલ

રૂા.૭૬૦૧.૩૪ પૈસા નુ લેણુ પડે છે તે દાવાના તમામ ખર્ચ સહીત તારીખ ૦૧ /૦૨/૨૦૧૯ થી ૧૮% પ્રમાણેના વ્યાજ સહીત પ્રતિવાદીની હરેક પ્રકારની સ્થાવર, જંગમ તથા જાત–મીલકત ઉપરથી વસુલ અપાવવા વાદીનાં લાભમાં હુકમનામું કરી આપવા અને અન્ય યોગ્ય લાગે તે દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) આ દાવાના કામે પ્રતિવાદીને દાવાના સમન્સ/નોટીસની ધોરણસરની બજવણી થતા, પ્રતિવાદી તેમનાં વિધ્વાન વકીલશ્રી મારફત અદાલત સમક્ષ હાજર થયેલા અને વાદીની દાવા અરજી સામેનાં લેખીત વાંધા જવાબ આંક– ૧૦થી રજુ કરેલ છે. જે વંચાણે લેતા જેમા તેઓએ જણાવેલ છે કે, વાદીની દાવાઅરજીને ડીલેલેચીઝ અને ઈકવીટીનો સ્પષ્ટ બાધ નડે છે તેમજ કોઝ ઓફ એકશનનો બાધ નડે છે તેમજ પ્રતિવાદીએ કયારેય વીજપુરવઠાનો વપરાશ કરેલ નથી.કહેવાતુ મકાન તે જગ્યા અમારુ કોઈ આવેલ નથી કે કોઈ ચોરી કરેલ નથી. પ્રતિવાદીએ કોઈ રોજકામમા સહી કરેલ નથી. પ્રતિવાદી તેમના નામે કોઈ મકાન ધરાવતા નથી. પ્રતિવાદીની કોઈ સ્થાવર કે જંગમ મીલકત ધરાવતા નથી. વાદીએ ખોટી અને ઉપજાવી કાઢેલ હકીકતો ઘડીને ખોટુ લેણુ ઉભુ કરી ખોટો દાવો કરેલ છે. વાદીની કોઈ લેણી રકમ પ્રતિવાદી પાસે કયારેય લેણી નીકળતી નથી. આમ વાદીનો દાવો તદ્દન ખોટો, બનાવટી અને ઉપજાવી કાઢેલી હકીકત વાળો હોય દાવો ખર્ચ સાથે રદ કરવા અરજ કરેલ છે.

(૩) સદર કામમાં વાદીએ તેઓનાં દાવાનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**–: <u>મૌખિક પુરાવા</u> :–**

| ક્રમ. | સાહેદનું નામ. | આંક |
|---|---|---|
| ૧. | વાદી મૃદંગ જયંતકુમાર ભાવસારનું પુરાવાનું સોગંદનામું | ૨૨ |

| | | |
|---|---|---|
| | .(નાયબ ઈજનેર,વિરમગામ ટાઉન સબ ડીવીઝન). | |

**–: <u>દસ્તાવેજી પુરાવા</u> :–**

| ક્રમ. | દસ્તાવેજ. | આંક |
|---|---|---|
| ૧. | સ્થળ રોજકામની નકલ | ૧૬ |
| ૨. | પ્રતિવાદીને આપવામા આવેલ વીજ ચોરીનુ બીલ | ૧૭ |
| ૩. | પ્રતિવાદીની સામે કરવામા આવેલ ફરીયાદની નકલ | ૧૮ |
| ૪. | પ્રતિવાદીને આપવામા આવેલ નોટીસ | ૧૯ |
| ૫. | એકનોલેઝમેન્ટ | ૨૦ |
| ૬. | લેજરના ખાતાના ઉતારાની નકલ | ૩૬ |

ત્યારબાદ વાદી તરફે વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય આં ક– ૨૬થી પુરાવો પુરો થયાની કલોઝીંગ પુરશીસ રજુ કરવામાં આવેલ છે.

(૩.૧) સદર કામમાં પ્રતિવાદીએ તેઓનાં દાવાનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**–: <u>મૌખિક પુરાવા</u> :–**

| ક્રમ. | સાહેદનું નામ. | આંક |
|---|---|---|
| ૧. | પ્રતિવાદી ઈમરાનશા અહેમદશા ફકીરનું પુરાવાનું સોગદનામું. | ૨૯ |

**–: <u>દસ્તાવેજી પુરાવા</u> :–**

| ક્રમ. | દસ્તાવેજ. | આંક |
|---|---|---|
| ૧. | લાઈટબીલ | ૩૭ |

(૪) ત્યારબાદ પ્રતિવાદી તરફે વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય આંક–૩૮ થી પુરાવો પુરો થયાની કલોઝીંગ પુરશીસ રજુ કરવામાં

આવેલ છે.

(૫) સદર દાવાનાં કામે વાદી તરફે વિ.વ.શ્રીની વિસ્તૃત દલીલો સાં ભળી તેમજ પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી ની દલીલો સાંભળી.

**વાદી તરફે દલીલ:–**

સદર કામે વાદીના વિ.વ.શ્રીનાઓએ મૌખિક દલીલો કરી રજુઆત કરેલ છે કે સદર કામના પ્રતિવાદી તેમની કંપનીના ગ્રાહક ન હોવા છતા તા. ૧૯/૩/૨૦૧૮ ના રોજ જુનીયર એન્જીનીયરશ્રી ચેકીંગ પર નીકળેલ હતા ત્યારે આ કામના પ્રતિવાદી ગેરકાયદેસર રીતે વીજવપરાશ કરતા હોવાનુ જણાયેલ અને વીજ ચોરી કરતા પકડાયેલ અને જે અંગે વાદી કં પનીએ રોજકામ પણ કરેલ અને સદર કામના પ્રતિવાદીએ તેમા સહી પણ કરેલ છે અને સદર વીજચોરી અંગે પ્રતિવાદીને બીલ આપવામા આવેલ છે અને તે અંગેની નોટીસ પણ મોકલવામા આવેલ છે અને જે નોટીસ પ્ર તિવાદીને બજી પણ ગયેલ છે અને તે અંગેની એકનોલેઝમેન્ટમા પ્રતિવાદીના પ્રતિનીધીની સહી પણ છે. ચેકીંગ અધીકારીને પ્રતિવાદી સાથે કોઈ પુર્વગ્રહ હોય તેવુ કાઈ જણાઈ આવતુ નથી. આ કામે પ્રતિવાદી સામે હાલના વાદીએ ઈલે. ૧૩૫(૧) મુજબની ફરીયાદ કરવામાં આવેલ છે. તે અંગે આ કામના પ્રતિવાદીએ કોઈ વાંધો લીધેલ નથી. વળી આંક–૧૬ થી રજુ ગ્રાહકના નીવેદનમા પ્રતિવાદીની સહી પણ છે. આમ પ્રતિવાદીને વીજ વપરાશ કરવાનો કાયદેસર હક ન હોવા છતા તેમના દીકરાના વીજ કનેકશનમાંથી વાયર નાખી વીજવપરાશ કરેલ છે જે ગેરકાયદેસર છે. જેથી હાલના વાદીનો દાવો મંજુર કરવા અરજ કરેલ છે.

**પ્રતિવાદીની દલીલ:–**

સદર કામે પ્રતિવાદીના વિ.વ.શ્રી દવારા મૌખિક દલીલો કરેલ છે અને પોતાના આંક–૧૦ થી રજુ જવાબને સમર્થન આપેલ

છે અને જણાવેલ છે કે વાદીની દાવાઅરજીને ડીલેલેચીઝ અને ઈકવીટીનો સ્પષ્ટ બાધ નડે છે તેમજ કોઝ ઓફ એકશનનો બાધ નડે છે તેમજ પ્રતિવાદીએ કયારેય વીજપુરવઠાનો વપરાશ કરેલ નથી.કહેવાતુ મકાન તે જગ્યા અમારુ કોઈ આવેલ નથી કે કોઈ વીજચોરી કરેલ નથી. પ્રતિવાદીએ કોઈ રોજકામમા સહી કરેલ નથી. પ્રતિવાદી તેમના નામે કોઈ મકાન ધરાવતા નથી. પ્રતિવાદીની કોઈ સ્થાવર કે જંગમ મીલકત ધરાવતા નથી. વાદીએ ખોટી અને ઉપજાવી કાઢેલ હકીકતો ઘડીને ખોટુ લેણુ ઉભુ કરી ખોટો દાવો કરેલ છે. વાદીની કોઈ લેણી રકમ પ્રતિવાદી પાસે કયારેય લેણી નીકળતી નથી. આમ વાદીનો દાવો તદૃન ખોટો, બનાવટી અને ઉપજાવી કાઢેલી હકીકત વાળો હોય દાવો ખર્ચ સાથે રદ કરવા અરજ કરેલ છે.પ્રતીવાદીએ આંક-૩૭ થી લાઈટબીલ રજુ કરેલ છે.પ્રતિવાદી તરફે IN THE SUPREME COURT OF INDIA, Kishan Singh (D) Thru Lrs vs Gurupal Singh & Ors om 12 August, 2010G નું જજમેન્ટ રજુ છે જે ધ્યાને લીધુ તેમજ IN THE SUPREME COURT OF INDIA, The Commissioner Of Police vs Devender Anand On 8 August, 2019 નું જજમેન્ટ રજુ છે જે ધ્યાને લીધુ.

(૬) આમ, ઉપરોકત હકીકતે સદરહું દાવાનાં ન્યાયીક નિર્ણય માટે આંક-૧૧ થી નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલા છે.

**-:: મુદ્દા ::-**

૧. શું વાદી સાબિત કરે છે કે, વાદી વીજકંપનીની લાઈનમાંથી આ કામના પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે વીજવપરાશ કરી વીજ ચોરી કરેલ છે?

૨. શું વાદી સાબિત કરે છે કે, વાદીને પ્રતિવાદી પાસેથી ચોરીના વીજ વપરાશનુ બીલ વિલંબીત ચુકવણી ચાર્જ, વ્યાજ, ખર્ચ સહીત તા.૩૧ /૧/૨૦૧૯ સુધી રૂા.૭૬૦૧.૩૪ પૈસા લેવાના બાકી નીકળે છે?

૩. શું પ્રતિવાદી સાબિત કરે છે કે, પ્રતિવાદીએ વીજચોરી કરેલ નથી અને કહેવાથી રકમ પ્રતિવાદી પાસે લેણી નીકળતી નથી?

૪. શું પ્રતિવાદી સાબીત કરે છે કે વાદીને પ્રતિવાદી સામે દાવો કરવાનુ કોઈ કારણ ઉત્પન્ન થયેલ છે ?

૫. શુ વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

૬. શુ હુકમ અને હુકમનામુ?

(૭) પ્રસ્તુત મુદાઓ અંગેનાં મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. અંશત:હકારમાં

૩. નકારમાં

૪. નકારમાં

૫. અંશત:હકારમાં

૬. આખરી હુકમ મુજબ.

આમ દાવાનાં નિકાલ માટે ઉપસ્થિત કરવામાં આવેલાં આં ક–૧૧ ના મુદાઓ સંબંધે નાં મારા ન્યાયીક નિર્ણય અંગે નાં કારણો ની ચર્ચા નીચે મુજબ કરુ છું.

**<u>–:કારણો:–</u>**

**<u>મુદ્દા નં.૧ થી ૨ :–</u>**

(૮) આ કામે મુદ્દા નં.૧ થી ૨ ની હકીકત અને કાયદાની દષ્ટીએ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય અને હકીકતોનું પુનરાવર્તન ન થાય તે હેતુથી સદર મુદ્દાઓની સંયુકત રીતે ચર્ચા કરવામાં આવે છે.

દીવાની દાવાઓમાં જે પક્ષકાર જે હકીકત નું અસ્તિવ હોવાનું અદાલત સ્વીકારે તેવું ઈચ્છતી હોય તેણે તેવી હકીકતો નાં અસ્તિત્વ અંગે નો

પુરાવો ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૧૦૧ તથા ૧૦૨ મુજબ રજુ કરીને તેવી હકીકતો પુરવાર કરવી જોઈએ. હાલનાં આ દાવાને લાગે વળગે છે ત્યાં સુધી વાદી ઉપર તેમના દાવાની હકીકત નું અસ્તિત્વ હોવાનું પુરવાર કરવાની જવાબદારી છે. તેથી વાદીએ તેમના દાવાની હકીકતો પુરવાર કરવી જોઈએ. ત્યારબાદ જ વાદીના પુરાવાનું ખંડન કરવાની જવાબદારી અને સાબિતીનો બોજ પ્રતિવાદીની શીરે રહે છે.

(૦૯) આ કામે વાદી મૃદંગ જયંતકુમાર ભાવસાર તેમના પુરાવાનું સોગંદનામું આંક–૨૨ થી રજુ કરેલ છે. જેમાં તેઓએ દાવાની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે. તેઓએ જણાવેલ છે કે, પ્રતિવાદી તેમના ગ્રાહક નથી અને વાદી કંપનીનો વીજપુરવઠો મેળવવા હકકદાર નથી. વાદી કંપનીના જુનીયર એન્જીનીયરશ્રી એન.બી.ડામોર તા.૧૯/૦૩/૨૦૧૮ ના રોજ સરપ્રાઈઝ ચેકીંગમાં નીકળેલ ત્યારે આ કામના પ્રતિવાદી તેમના મકાનની નજીક આવેલ એલ.ટી.લાઈનના થાંભલા પરથી આશરે ૧૦ મીટર આંમડ કેબલ વડે ડાયરેકટ આકડી લગાવી તેમના મકાનમા જોડેલ મેઈન સ્વીચમા આપીને ગેરકાયદેસર વીજ ચોરી કરતા રંગે હાથ પકડાયેલા જે સંદર્ભમાં વાદી કંપનીના જવાબદાર અધિકારી દવારા સ્થળ ઉપર રોજકામ પણ કરવામાં આવેલ જેમાં પ્રતિવાદીએ સહી પણ કરેલ અને આ કામનાં પ્રતિવાદીને વાદી કંપનીના ધારા ધોરણ મુજબ કરેલ વીજ ચોરી અંગે ગણતરી કરી રૂા.૬૬૫૨–૫૭ પૈસા નું બીલ મોકલી આપવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદી સામે પોલીસ ફરીયાદ પણ કરવામા આવેલ જેનો ગુ.ર.નં.૧૫૧૭/૧૮ છે. અને પ્રતિવાદીને લેણી પડતી રકમ અંગે વારંવાર માંગણી કરી કરાવી છતા રકમ ના ચુકવી આપતા વાદી કંપનીએ એડવોકેટ મારફતે તા.૦૪/૦૨/૨૦૧૯ ના રોજ રજી.પોસ્ટથી નોટીસ પણ મોકલેલ જે પ્રતિવાદીને મળી ગયેલ હોવા છતા કોઈ જવાબ

આપેલ નથી કે રકમ વસુલ આપેલ નથી. જેથી હાલનો દાવો કરેલ છે.

સદર કામે આંક–૨૯ થી પ્રતિવાદી ઈમરાનશા અહેમદશા નાઓનુ પુરાવાનુ સોગંદનામુ રજુ કરેલ છે જેમા તેઓ જણાવે છે કે દાવાઅરજીમા જણાવેલ કહેવાતુ મકાન તેમનુ તે જગ્યાએ આવેલ નથી અને તેઓએ કોઈ મેઈન સ્વીચમા આપીને કોઈ વીજચોરી કયારેય કરેલ નથી અને કોઈ રોજકામમા સહી કરેલ નથી કોઈ લેણુ વાદી કંપનીનુ તેમની પાસેથી નીકળતુ નથી. તેઓને કોઈ નોટીસ કયારેય મળેલ નથી જેથી જવાબ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પ્રતિવાદીનુ કોઈ મકાન તે જગ્યા પર આવેલ હોય તો તે હકીકત દસ્તાવેજી પુરાવાથી વાદીએ સાબીત કરવી જોળએ. વાદીએ ખોટી હકીકત વાળો દાવો ઉભો કરેલ છે. પ્રતિવાદી કયારેય વીજચોરી કરતા પકડાયેલ નથી. પ્રતિવાદી તેમના નામે કોઈ મકાન ધરાવતા નથી અને તેમના નામે કોઈ મકાન આવેલ નથી કે પ્રતિવાદી કોઈ સ્થાવર કે જંગમ મિલકત ધરાવતા નથી. વાદીની દાવાઅરજીની તમામ હકીકતો ખોટી અને ઉપજાવી કડેલ હકીકતવાળી હોય વાદીનો દાવો ખર્ચસહીત રદ કરવા અરજ કરેલ છે.

સદર પ્રતિવાદીની વાદીના વિ.વ.શ્રી દવારા કરવામા આવેલ ઉલટતપાસમા એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે હાલના કામે રજુ કરેલ જવાબ અને સરતપાસના સોગંદનામામા જે અંગ્રેજીમા સહી કરેલ છે તે સહી તેમની નથી તેમજ તેઓ અંગ્રેજી અને ગુજરાતી બંનેમા સહી કરે છે. હાલના કામે દાવાના જવાબ તથા પુરાવાના સોગંદનામામા શુ હકીકત જણાવેલ તે તેમને હાલ યાદ નથી તેમજ વાદી કંપની એ તેમની સામે શેનો દાવો કરેલ છે તેની પણ તેમને ખબર નથી. તેઓ હાલ ઢુંઢીયાપીર દરગાહમા રહે છે આ જગ્યાએ આશરે પંદરેક વર્ષથી રેહે છે. તેમના ઘરના બાકીના સભ્યો રૈયાપુર દરવાજા અંદર સુથારવાસ તેમજ નાનોભાઈ અલબદર સોસાયટીમા રહે છે.

એ હકીકત કબુલ રાખેલ છે કે રૈયાપુર મુકામે તેમનુ રહેણાંકનુ મકાન આવેલ છે અને હાલનો દાવો ચોરી કરતા પકડાયા અંગેનો છે પરંતુ તે દરગાહવાળી જગ્યા માટેનો નથી અને રૈયાપુર મુકામે આવેલ તેમના રહેણાંકના મકાનમા વીજ કનેકશન છે. આ વીજ કનેકશન કોના નામે છે તે તેમને યાદનથી. આં ક–૩૬ થી રજુ કરવામા આવેલ બીલ મહેરાજબેનના નામે ચાલે છે તે ૨૦૨૧ પહેલા મહેરાજબેનના નામે ચાલતુ હતુ કે કેમ તે તેમને ખબર નથી તેમજ તેઓ મોટાભાગે દરગાહે રહે છે પણ ઘરે આવતા જતા હતા. એ હકીકત કબુલ રાખેલ છે કે દાવો કરતા અગાઉ વકીલ મારફતે વાદી કંપનીએ માંગણા નોટીસ આપેલ જે નોટીસ તેમના ઘરમાં રહેતા રોશનબેન મુસ્તાકભાઈ નાઓએ છોડાવેલી અને આ નોટીસનો જવાબ તેઓએ આપેલ નહી અને દાવાવાળુ મકાન અડાની મસ્જીદ રૈયાપુર રોડ પર આવેલ છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે મકાનની બાજુની ગલીમા યુ.જી.વી.સી.એલ.નો એલ.ટી.લાઈનનો થાંભલો પણ આવેલ છે. અને તેઓને આંક–૧૬ વાળુ રોજકામ બતાવતા તે જોઈને કહે છે કે આ રોજકામ તા. ૧૯/૩/૧૮ ના રોજ કરવામા આવેલ છે જેમા તેમની સહી છે. એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે વાદી કંપની દવારા તેમના વિરુધ્ધ વીજચોરી અંગેની ફરીયાદ કરવામા આવેલી જે હાલ નામ. સ ેસ.કોર્ટમા પેન્ડીંગ છે. તેમની સામે યુ.જી.વી.સી.એલ.ના અન્ય દાવા પણ ચાલે છે અને જેમા તેઓ વકીલ રોકી હાજર થયેલ છે.

(૧૦) આ કામે વાદીએ પ્રતિવાદી પાસેથી વીજ ચોરીની લેણી રકમની માંગણી કરેલ છે અને સદર હકીકત પ્રસ્થાપિત કરવા માટે આંક–૨૨ થી નાયબ ઈજનેરશ્રીનાઓનું પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે. જે સોગંદનામામાં વાદી સાહેદે દાવા અરજી મુજબની હકીકતો જણાવેલ છે અને તેઓએ જણાવેલ છે કે, આ કામે વાદી કંપનીનાં પ્રતિવાદી પાસ

ે ગણતરી કર્યા મુજબ ડીલે પેમેન્ટ ચાર્જ સહિતની રકમ બાકી લેણા રહે છે. વાદીએ પોતાનો કેસ પોતાના પુરાવાથી પ્રસ્થાતિ કરવો જરૂરી છે અને તે માટે વાદીએ આંક–૧૬ થી આંક–૨૦ મુજબનાં દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા છે.આંક–૧૬ થી સ્થળ રોજકામ રજુ થયેલ છે.જેમાં પ્ર તિવાદી વીજચોરી કરતા પકડાયેલા તે અંગે રોજકામ કરેલ છે. જેમા ચેકીંગ અધિકારીની સહી તેમજ નાયબ ઈજનરે યુ.જી.વી.સી.એલ.ના સહી અને સિકકા છે તથા તેમા પ્રતિવાદી બીન ગ્રાહક તરીકે દર્શાવેલ છે. જેમા પ્ર તિવાદીની સહી પણ જોવા મળે છે. આંક–૧૭ થી પ્રતિવાદીને વીજચોરી અં ગે વાદી કંપની તરફથી આપવામા આવેલ બીલ રજુ કરવામાં આવેલ છે. જેમાં મીટર રીડરની સહી અને સિકકા છે તથા કુલ બાકી નીકળતી રકમ રૂા.૭૬૫૨.૫૬ પૈસા દર્શાવેલ છે. જે રકમમા ફીકસ ચાર્જ પેટે રૂા.૪૨૩૯.૬૦ પૈસા, ફ્યુલ ચાર્જ રૂા.૧૫૪૫.૨૪ પૈસા તથા વિદ્યુતશુલ્ક પેટે રૂા.૮૬૭.૭૩ પૈસા કમ્પાઉન્ડીંગ ચાર્જ પેટે રૂા. ૧૦૦૦/– દર્શાવેલ છે. જયારે એનર્જી ચાર્જ, રીએકટીવ ચાર્જ, મીટર ચાર્જ, મીનીમમ ચાર્જ, વિલંબીત ચાર્જ મા કોઈ રકમ દર્શાવેલ નથી. આમ વાદી કંપનીએ પ્રતિવાદીને કુલ રૂા.૭૬૫૨.૫૭ પૈસા લ ેખે વીજચોરી અંગે બીલ આપેલ છે. આંક–૨૭ થી પ્રતિવાદીસામે વીજચોરીની કરવામાં આવેલ ફરીયાદની નકલ રજુ છે.જેમા જી.યુ.વી.એન.એલ.પો.સ્ટે.ના સિકકા અને સહી છે તથા તેનો ગુ.ર.નં. ૧૫૧૭/૧૮ તા.૨૪/૪/૨૦૧ ૮ દર્શાવેલ છે. જેમા તહોમતદારના નામમા હાલના પ્રતિવાદીનુ નામ દર્શાવેલ છે. આમ આ કામના પ્રતિવાદીએ વીજચોરી કરેલ હશે તે આંક–૧૮ થી રજુ ફરીયાદને આધારે માનવાને કારણ રહે છે.આંક–૧૯ થી પ્ર તિવાદીને આપવામાં આવેલ નોટીસ રજુ છે જે પ્રતિવાદીના નામજોગ છે જે નોટીસમા વીજચોરીની રકમનો ઉલ્લેખ પણ કરવામાં આવેલ છે. જેમા જે પ્રતિવાદીના સરનામે મોકલવામા આવેલ છે. વધુમા સદરહુ નોટીસ વંચાણે લ

ેતા જણાઈ ઓ છે કે તેમાં વીજચોરીના બીલ રૂા.૭૨૫૧.૩૪૦ પૈસા ની રકમ દર્શાવેલ છે. અને વધુમા તેમા વિલંબીત ચુકવણી ની રકમ પણ દર્શાવેલ છે પરંતુ સદરહુ વિલંબીત ચુકવણીની રકમ કંપનીના કયા નિયમો અનુસાર દર્શાવેલ છે તથા તેની ગણતરી કેવી રીતે કરેલ છે તે આ નોટીસથી ફલિત થતુ નથી. તેમજ આંક–૨૦ થી એકનોલેઝમેન્ટ રજુ છે જે નોટીસ બજી ગયા અં ગેની છે જેમાં પ્રતિવાદીના પ્રતિનીધીની સહી પણ છે. આમ સદર નોટીસ પ્ર તિવાદીને મળી ગયેલ છે.

સદર કામે રેકર્ડ જોતા પ્રતિવાદી અને યુજીવીસીએલ વચ્ચે ગ્રાહકનો સં બંધ નથી અને તેમને વીજવપરાશ કરવાનો કાયદેસર હક ન હોવા છતા તેઓએ ગેરકાયદેસર વીજ કનેકશનમાંથી વાયર નાખી વીજ વપરાશ કરેલ છે. વળી, આ કામે આંક–૧૬ થી રજુ ગ્રાહક નિવેદન જોવામા આવે તો તેમા પ્રતિવાદીની સહી પણ છે. આમ સદર ચેકીંગ તેમની હાજરીમા થયેલ હોવાનુ સાબીત થાય છે. વળી હાલના પ્રતિવાદી અને યુજીવીસીએલ વચ્ચે ગ્રાહકનો સબંધ નથી. જેથી તેમને વીજ વપરાશ કરાવનો કાયદેસર હક ના હોવા છતા તેઓએ ગેરાયદેસર રીતે વીજ કનેકશનમાંથી વાયર નાખી વીજ વપરાશ કરેલ છે. આમ, વાદી કંપની ધ્વારા રજુ થયેલ ઉપરોકત દસ્તાવેજો ધ્યાને લેતા વાદી કંપની હાલનાં પ્રતિવાદી પાસેથી લેણી રકમ મેળવવા હકકદાર હોવાનું જણાય છે. જેથી આ કામે **મુદા નં. ૧ નો જવાબ ''હકારમા''** અને **મુદા નં. ૨ નો જવાબ ''અંશતઃ હકાર મા''** આપવામા આવે છે.

**(૧૨) મુદા નં. ૩ અને ૪ :–**

મુદા નં. ૩ ધ્યાને લેવામા આવે તો વાદી કહે છે તેવી કોઈ વીજચોરી પ્ર તિવાદીએ કરેલ નથી અને વાદીની કોઈ લેણી રકમ નીકળતી નથી? તે પુરવાર કરવાની જવાબદારી પ્રતિવાદીના શીરે છે પરંતુ સદર કામના પ્રતિવાદીએ સદર

મકાન તેમની માલીકીનુ નથી તે અંગેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી.વળી પ્રતિવાદી ઉલટતપાસમા કબુલ કરે છે કે તેઓ મોટા ભાગે દરગાહે રહે છે પરંતુ ઘરે આવતા જતા હતા. વધુમા તેમની મકાનની બાજુની ગલીમા યુ.જી.વી.સી.એલ.નો એલ.ટી.લાઈનનો થાંભલો આવેલ છે . સદર મકાન તેમની માલીકીનુ નથી કે તેઓસદર મકાન રહેતા નથી તે બાબતે તેઓએ કોઈ પુરાવો રજુ કરેલ નથી કે તે સાબીત કરવા કોઈ સાહેદને તપાસેલ નથી. વળી તેઓને સદર બીલ અંગેની નોટીસ પણ મળેલ છે અને તે નોટીસની એકનોલ ેઝમેન્ટમા રોશનબેનની સહી પણ છે તે તેઓ ઉલટતપાસમા કબુલ રાખેલ છે. છતા પણ તેઓએ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. પ્રતિવાદીએ સદર વીજચોરી કરેલ નથી તે સાબીત કરવા કોઈ ખંડનાત્મક પુરાવો રજુ કરેલ નથી. પ્રતિવાદીએ વાદી કંપની જણાવે છે તેવી કોઈ ચોરી કરેલ નથી કે વાદીની કોઈ લેણી રકમ નીકળતી નથી તે સાબીત કરવા કોઈ દસ્તાવેજી આધારપુરાવો રજુ કરેલ નથી. વળી વાદી કંપનીએ પ્રતિવાદી ગેરકાયદેસર રીતે વીજવપરાશ કરતા પકડાઈ જતા તેઓને વીજચોરી અંગેનુ બીલ આપેલ અને જે બીલ ભરપાઈ ન કરતા વાદી કંપનીએ પ્રતિવાદીને નોટીસ આપેલઅને સદર નોટીસ બજી જવા છતા પણ પ્રતિવાદીએ વીજચોરી બીલની રકમ વાદી કંપનીને ભરપાઈ કરેલ નથી જેથી સદર દાવો વાદી કંપનીએ પ્રતિવાદી વિરુધ્ધ કરેલ છે પરંતુ સદર વીજચોરી પ્રતિવાદીએ કરેલ નથી અને દાવો કરવાનુ કોઈ કારણ ઉત્પન્ન થયેલ ન થી તે હકીકતને સાબીત કરતો કોઈ આધાર પુરાવો પ્રતિવાદીએ રજુ કરેલ નથી જેથી સદર હકીકત પુરવાર કરવામા પ્રતિવાદી નિષ્ફળ નીવડેલ હોય **મુદા નં. ૩ નો જવાબ નકારમા** તેમજ **મુદા નં. ૪ નો જવાબ નકારમા** આપવામા આવે છે.

**(૧૩)** વાદીએ, પ્રતિવાદી પાસે ડીલે પેમેન્ટ ચાર્જની તથા વ્યાજની માંગણી કરેલ છે જેમા ડીલે પેમેન્ટ ચાર્જ બાબતે કોઈ દસ્તાવેજી પુરાવા આ કામે રજુ

કરેલ નથી તથ આંક–૧૭ વાળુ વીજચોરીનુ બીલ ધ્યાને લેવામાં આવે તો તેમા વિલંબીત ચુકવણી ચાર્જમા કોઈ રકમ દર્શાવેલ નથી તથા આંક–૧૯ વાળી નોટીસ ધ્યાને લેવામા આવે તો તેમા ફકત એવુ લખેલ છે કે કંપનીના નિયમોઅનુસાર વિલંબીત ચુકવણી ચાર્જ મળી કુલ બાકી રકમ દર્શાવેલ છે. પરંતુ સદરહુ વિલંબીત ચુકવણીની રકમ કંપનીના કયા નિયમો અનુસાર દર્શાવેલ છે તથા તેની ગણતરી કેવી રીતે કરેલ છે તે આ નોટીસથી ફલિત થતુ નથી. આમ વાદી કંપની તેઓની દાવા અરજીમા જણાવેલ વિલંબીત ચુકવણી ચાર્જના રુપિયા અંગે કોઈ પુરાવા રજુ કરેલ ન હોય તે મળવા પાત્ર થતા નથી તથા વ્યાજ બાબતે સીવીલ પ્રોસીજર કોડની કલમ–૩૪ મુજબ વાદી પ્રતિવાદી પાસે જો કોઈ કરાર હોય તો તે મુજબનું વ્યાજ મેળવવા વાદી હકકદાર છે પરંતુ આવો કરાર આ કામે રજુ થયેલ નથી ત્યારે વાદીએ એક જાહેર સંસ્થા છે અને વાદીએ  પ્રતિવાદીને નોટીસ આપેલ અને તે નોટીસ જયારે પ્ર તિવાદીને બજી ગયેલ હોવા છતાં આજદિન સુધી પ્રતિવાદી તરફથી વાદીને કોઈ રકમ ચુકવવામાં આવેલ નથી.  આમ વાદીનાં કાયદેસરનાં લેણાં પ્રતિવાદીએ નિયમ સમયમર્યાદામાં ચુકવેલ ન હોઈ વાદી  કંપની  પ્ર વર્તમાન સમયમાં ચાલતા રાષ્ટ્રીયકૃત બેન્કોનાં દર મુજબ વાર્ષિક ૬% નાં સાદા વ્યાજનાં દરે લેણી રકમ પર દાવા તારીખથી વ્યાજ મેળવવા હકકદાર છે. સદર કામે વાદીએ પ્રતિવાદી પાસેથી રૂા.૭૬૦૧.૩૪ પૈસા પુરા ૧૮ % લેખે દાવાની તારીખથી વિલંબીત ચુકવણી ચાર્જ સહીત તેમજ દાવાનો ખર્ચ પ્ર તિવાદી પાસેથી વસુલ અપાવવાનું વાદીના લાભમાં હુકમનામું કરવા દાવો કરેલ છે.પ્રતિવાદી તરફે રજુ નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદો હાલના કામે તેમને મદદરુપ સાબીત થતો નથી. સદર કામમાં ઉપરોકત  ચર્ચા કરેલ છે તે મુજબ આ કામના પ્રતિવાદી પાસેથી બીનઅધિકૃત રીતે કરેલ વિજવપરાશ પેટે  રૂા.૬૬૫૨.૫૭ પૈસા પુરા  વસુલાત પેટે બાકી  નીકળતી

હોવાની હકીકત સાબીત થયેલ છે. તેમજ વાદીએ દાવાની રકમ સાથે ૧ ૮ % લેખે વ્યાજની માંગણી કરેલ છે. આ અંગે ઉપરોકત મુદામાં કરેલ ચર્ચા મુજબ વાદી વ્યાજ મેળવવા હકકદાર બનતા હોય તેથી **મુદ્દા નં. ૫** નો જવાબ ''**અંશત:હકારમાં**'' આપી **મુદા નં. ૬** પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આ ખ રી હુ ક મ ::-**

(૧) આ કામનાં વાદીનો દાવો આથી અંશત: મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામનાં વાદી, પ્રતિવાદી પાસેથી તેઓની હરેક પ્રકારની સ્થાવર તથા જંગમ મિલકત ઉપરથી રૂા.૬૬૫ર.૫૭ પૈસા (અંકે રૂપિયા છ હજાર છસો બાવન અને સતાવન પૈસા ) પુરા દાવો દાખલ થયા તારીખ થી રકમ વસુલ થતા સુધી વાર્ષિક ૬ ટકાનાં સાદા વ્યાજ સહિત વસુલ મેળવવા હકકદાર બને છે તેવું ઠરાવવામાં આવે છે અને પ્રતિવાદીએ વાદીની લેણી રકમ સાદા વ્યાજ સહિત હુકમની તારીખ થી એક માસમાં ચુકવી આપવી તેવો આથી પ્રતિવાદીને આદેશ કરવામાં આવે છે.

(૩) આ દાવાનું વાદીનું ખર્ચ પ્રતિવાદીએ ભોગવવું અને પ્રતિવાદીએ પોતાનું ખર્ચ જાતે ભોગવવું.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજ તારીખ : ૦૮ મી, માહે : મે , સને -૨૦૨૬ ના

રોજ  ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

વિરમગામ

તા.૦૮–૦૫ –૨૦૨૬

**(કીર્તી શર્મા)**

Judge Code-GJ 01721

અધિક સિવિલ જજ,વિરમગામ